સનાતન ધર્મ

# ઈસ્લામની

## સચ્ચાઈને ઓળખો !

:: સંપાદક ::

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

પ્રકાશક

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ,
પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧,
મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

પ્રકાશન નં. : ૨૦૬ આવૃત્તિ–૨ પ્રત : ૫૦૦૦
૨૧–જમાદિઉલ આખર હિ.સ. ૧૪૩૫ એપ્રિલ–૨૦૧૪

નૂરાની આર્ટ–દયાદરા મો. ૯૪૨૭૪૬૪૪૧૧





## પ્રકાશકના બે બોલ...

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نَحۡمَدُهٗ وَ نُصَلِّى عَلٰى رَسُوۡلِهِ الۡكَرِيۡمِ

**મુ**સલમાનો ! આપણે જહન્નમથી બચવાનો તથા જન્નતમાં જવાનો સબબ ઈમાન તથા ઈસ્લામ જ છે. આપણી નજાતનો આધાર ફક્ત એના પર જ છે. છતાં જો તમો તેની પરવા કર્યા વિના દુનિયાના લોભ લાલચ કે વાહવાહની પ્રતિ આકર્ષાયને દીન ઈમાનને, ઈસ્લામને અગ્રતા આપવાના બદલે અન્ય ગુમરાહીભર્યી રાહો તથા ધર્મોમાં ભેળસેળવાળા માર્ગો કે દીન ઈમાન વિરુદ્ધ, ઈસ્લામ વિરુદ્ધ કામોમાં પડી જશો તો સમજી લો કે એ શૈતાની માર્ગ છે અને એનો છેડો જહન્નમમાં પહોંચે છે ! જેથી સાવધાન થઈ જાવ ! કોઈની શેહ શરમમાં ન રહેશો, કોઈના દાબ દબાણમાં ન આવશો અને ઈમાન તથા ઈસ્લામને મજબૂતીથી થામી લો !

આજે અમુક તત્વો અજ્ઞાન તથા નાદાન મુસલમાનોને અવનવી વાતો રજૂ કરીને મુસલમાનમાંથી વિધર્મી બનાવવા, કન્વર્ટ કરવા ચાહે છે તો તેમનાથી સાવધાન થઈ જાવ ! અને ઈસ્લામની હક઼ીકત તથા સચ્ચાઈ શું છે તેને સમજવા આ સંક્ષિપ્ત પુસ્તિકા વાંચો અને તમારા સમાજ, કુટુંબ તથા ઔલાદોમાં વંચાવો અને જન્નતના હક્ક઼દાર બનો. મજબૂત મુસલમાન બનો ! રબ તઆલા તેના હબીબે પાક ﷺના સદક઼ામાં આપણા ઈમાનની હિફાઝત ફર્માવે.

آمین بجاہ النبی الکریم علیه افضل الصلوٰة و التسلیم

**–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(તા. ૨૩–એપ્રિલ–૨૦૧૪, બુધવાર, હિ.સ. ૧૪૩૫, ૨૨–જમાદિઉલ આખર)*

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نَحۡمَدُهٗ وَ نُصَلِّى عَلٰى رَسُوۡلِهِ الۡكَرِيۡمِ

વર્તમાનકાળમાં વિશ્વકક્ષાએ ઈસ્લામ પ્રતિ વધી રહેલા આકર્ષણને રોકવા માટે તેમજ રોજબરોજ પુરૂષો સ્ત્રીઓના ઈસ્લામ સ્વીકારની ઘટનાઓથી પોતાના અસ્તિત્વ સંબંધે ભય મહેસૂસ કરીને ઈસ્લામ વિરોધી શક્તિઓ પ્રિન્ટ તથા ઈલેક્ટ્રોનિક મીડિયા થકી સતત વિવિધ પ્રકારના ગલત પ્રોપેગન્ડાઓ ઈસ્લામ વિરુદ્ધ કરી રહેલ છે જેથી ઈસ્લામની સચ્ચાઈના ચમકતા સૂરજને ગલત અફવાઓના દુષ્પ્રચારના વાદળો વડે ઢાંકી દેવામાં આવે, અને સામાન્ય પબ્લિકને ઈસ્લામની રોશનીથી વંચિત રાખવામાં આવે. ક્યાંક ઈસ્લામી ક઼ાનૂનોને વિકૃત રૂપે રજૂ કરીને લોકોને ઈસ્લામથી નફરત અપાવવામાં આવી રહી છે, તો ક્યાંક ઈસ્લામને આતંકવાદ સાથે સાંકળીને તેને બદનામ કરવાની કોશિશ થઈ રહી છે, તો ક્યાંક એવું દર્શાવવામાં આવી રહ્યું છે કે ઈસ્લામે સ્ત્રીઓને અધિકારો નથી આપ્યા, સ્ત્રીને કોઈ આઝાદી નથી આપી..... વગેરે. પણ તેમ છતાં ઈસ્લામનું નૂર ફેલાતુ જ જાય છે કેમ કે ઈસ્લામનો અભ્યાસ કરનારાઓ તેની સચ્ચાઈ સુધી પહોંચીને સમજી લે છે કે આ ગલત પ્રોપેગન્ડાઓ છે ! અને વિશ્વભરમાં વિશેષતઃ યૂરોપ તથા અમેરિકામાં ઈસ્લામ સ્વીકારની ઘટનાઓમાં એકદમ વધારો થઈ રહ્યો છે.

એ જ પ્રમાણે આપણા પ્રિય વતનમાં ઈસ્લામના વધતા પુરથી તથા મુસ્લિમોની વધતી જતી સંખ્યાથી અરૂચી મહેસૂસ કરીને કેટલાક વિરોધી તત્વો (**RSS** તથા તેની શાખો **VHP**, બજરંગદળ...વગેરે) તેને રોકવાની વેતરણમાં વિવિધ પ્રોગ્રામો તથા પ્રોપેગન્ડાઓ કરી રહેલ છે, તેમાંનો એક પ્રોપેગન્ડો એ છે કે, ''ઈસ્લામ તો નવો મઝહબ છે, એને તો ૧૪૦૦ જ





વરસ થયાં છે જ્યારે કે અમારો ધર્મ હજારો વરસોથી છે, અને એ જ પૂરાણો તથા સનાતન ધર્મ છે.....વગેરે.'' અને વિશેષતઃ મુસ્લિમોની અમુક જાતિઓ (જેમ કે રાજપૂત, મોલે સલામ ગરાસીયા વગેરે) જેમની અટકો તથા ખાસ તો નામો હજીય ગૈર મુસ્લિમ જેવાં તેઓ રાખતા હોવાથી તેમને જાતિવાદના નામે ઉશ્કેરીને તથા તેમને ''અમારા વિખૂટા પડી ગયેલા બંધુઓ !'' વગેરેથી સંબોધીને જાહેર પ્રોગ્રામો કરીને આકર્ષવાના પ્રયત્નો વ્યવસ્થિત આયોજનપૂર્વક થઈ રહ્યા છે. તો અમો આ પ્રચારકોની ગલતફહમીને દૂર કરવા માટે વિશ્વના પ્રથમ માનવી આદમ (عليه السلام)થી લઈને ઈસ્લામની કઈ રીતે શરૂઆત થઈ અને એક અલ્લાહની ઈબાદત (પૂજા)નો પયગામ જે પ્રથમ માનવથી શરૂ થયો તેની વિરુદ્ધ જઈને મૂર્તિપૂજા ક્યારથી અને ક્યા ક્યા સંજોગોમાં શરૂ થઈ તેનો હજારો વરસો પહેલાંનો ઈતિહાસ કુર્આન તથા હદીષની રોશનીમાં રજૂ કરીએ છીએ. હિંદુસ્તાન બિનસાંપ્રદાયિક દેશ છે તેના બંધારણની કલમ આર્ટીકલ (૨૫) હેઠળ દરેકને પોતાનો ધર્મ પાળવાની તથા તેના પ્રચારની આઝાદી છે જેને માન આપીને અમો કોઈના પોતાના ધર્મના પ્રચારની વિરુદ્ધમાં નહીં, પણ ઈસ્લામના પ્રચાર માટે તેની સામેના ગલત પ્રચારથી વતની બંધુઓને વિશેષતઃ મુસ્લિમોને સાવચેત કરવા ઈસ્લામની સચ્ચાઈ અત્રે રજૂ કરીએ છીએ.

### ★ ઈસ્લામ નવો ધર્મ નથી ! પ્રથમ માનવથી શરૂ થયેલો ધર્મ છે ! ★

સમગ્ર સૃષ્ટિના સર્જનહાર અલ્લાહ તબારક વ તઆલાનો આદેશ કુર્આનમાં પોતાના આખરી નબી ﷺને સંબોધીને આ પ્રમાણે છે કે, ''અને (યાદ કરો !) જ્યારે આપના રબે બનૂ આદમની પીઠોથી તેમની પેઢીઓને કાઢી અને તેમને ખૂદ તેમના જીવો પર સાક્ષી બનાવીને કહ્યું કે શું હું તમારો રબ નથી ? તેઓએ કહ્યું, ''કેમ નહીં ! અમો (એના પર) ગવાહી આપીએ છીએ.'' (આ ગવાહી એટલા માટે લીધી છે) જેથી કરીને ક઼યામતના દિવસે

તમે એવું (ન) કહી આપો કે અમો એનાથી અજાણ હતા. અથવા તમો એવું (ન) કહી શકો કે શિર્ક તો પ્રારંભથી જ અમારા બાપદાદાઓએ કર્યું હતું, અને અમે એમના પછીની ઔલાદ છીએ. શું તું બાતિલ પરસ્તીના કારણે અમને બર્બાદ કરીશ ? *(સૂરએ અઅ્રાફ, પારા : ૯, આયત નં. : ૧૭૧ થી ૧૭૩)*

હદીષે પાકમાં ઈસ્લામના આખરી પયગંબર હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ વર્ણવે છે, નબી ﷺના સાથી તથા બીજા ખલીફા હઝરત ઉમર رضی اللہ عنہ જણાવે છે કે સૂરએ અઅ્રાફની આ આયતના વિશે મેં નબી ﷺને સવાલ કર્યો તો અલ્લાહના રસૂલ ﷺએ જણાવ્યું કે અલ્લાહ તઆલાએ માનવપિતા હઝરત આદમ علیہ السلامને પેદા કર્યા, પછી તેમની પીઠ પર પોતાનો જમણો હાથ (એટલે દસ્તે કુદરત) ફેરવ્યો. પછી એ પીઠથી ઔલાદ કાઢી. પછી કહ્યું, એમને મેં જન્નતના માટે પેદા કરી છે અને એઓ જન્નતવાસીઓનાં કાર્યો કરશે. ફરી તેમની પીઠ પર હાથ (દસ્તે કુદરત) ફેરવ્યો અને એમનાથી એક અન્ય ઔલાદ કાઢી અને ફર્માવ્યું, મેં એમને જહન્નમ (નર્ક) માટે પેદા કરી છે અને એઓ જહન્નમવાસીઓ જેવાં કાર્યો કરશે. એક વ્યક્તિએ પૂછયું, હે અલ્લાહના રસૂલ ! તો પછી અમલ (કાર્યો) કઈ ચીજમાં છે ? તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, બેશક ! જ્યારે અલ્લાહ કોઈ બંદાને જન્નતના માટે પેદા કરે છે તો તેના થકી જન્નતવાસીઓ જેવા અમલ કરાવે છે, ત્યાં સુધી કે તે વ્યક્તિ જન્નતીઓના કાર્યો પર મૃત્યુ પામે છે પછી અલ્લાહ તેને જન્નતમાં દાખલ કરી આપે છે. અને જ્યારે કોઈ બંદાને જહન્નમના માટે પેદા કરે છે તો એના થકી જહન્નમીના અમલ (કાર્યો) કરાવે છે, ત્યાં સુધી કે તે જહન્નમીઓના કાર્યો પર મરે છે, પછી અલ્લાહ તેને દોઝખમાં દાખલ કરી આપે છે. ઈમામ તિર્મિઝીએ કહ્યું, આ હદીષ હસન છે. *(હવાલો : સુનને તિર્મિઝી, હદીષ નં. ૩૦૮૫, સુનને અબૂ દાઊદ : ૪૭૦૩, મુઅત્તા ઈમામ માલિક : ૧૬૧૧, મુસ્નદે અહમદ, ૧/૩૧૧, સહીહ ઈબ્ને હબ્બાન : ૬૧૬૬.... વગેરે, તિબ્યાનુલ કુર્આન, ૪/૪૦૯, ૪૧૦)*





એક હદીષમાં છે : હઝરત સઈદ બિન જુબૈર વર્ણવે છે કે હઝરત ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું કે જ્યારે અલ્લાહ તઆલાએ માનવ પિતા હઝરત આદમ علیہ السلامને પેદા કર્યા તો તેમનાથી મીષાક (વાયદો) લીધો, તેમની પીઠ પર દસ્તે કુદરત ફેરવ્યો તો તેમની ઔલાદને કીડીઓની જેમ કાઢી, પછી તેમના જીવનની મુદ્દત, તેમની રોજી તથા તેમની મુસીબતો લખી આપી, અને તેમને તેમના જીવો પર સાક્ષી બનાવ્યા અને ફર્માવ્યું, શું હું તમારો રબ નથી ? તેમણે કહ્યું, કેમ નહીં ! *(હવાલો : જામિઉલ બયાન, ૯/૧૫૦)*

અમુક રિવાયતોથી માલૂમ થાય છે કે માનવ પિતા હઝરત આદમ علیہ السلامને પેદા કરતાં જ તેમની પીઠથી તેમની ઔલાદને કાઢીને તેમનાથી ઉપર મુજબ વાયદો લીધો હતો. આજે ભલે ઘણા માનવો અલ્લાહ સિવાય ગમે તેની ઈબાદતમાં પૂજામાં લાગી ગયા હોય પણ પ્રથમ દિવસથી તેમની રૂહોએ (આત્માએ) અલ્લાહને પોતાનો રબ હોવાનો, માલિક સર્જનહાર હોવાનો સ્વીકાર કરેલો છે. અને જગતના પ્રથમ માનવ અને સર્વ માનવના પિતા હઝરત આદમ علیہ السلامનું દુનિયામાં આગમન થયું તો તેમણે એક અલ્લાહની જ ઈબાદત કરી અને "લાઈલાહ ઈલ્લલ્લાહ આદમુ સફીયુલ્લાહ" અલ્લાહ સિવાય કોઈ ઈબાદતને (પૂજાને) પાત્ર નથી અને પોતે અલ્લાહના પયગંબર હોવાનો પ્રચાર કર્યો હતો. આ છે ઈસ્લામનો પ્રારંભ !

સારાંશ કે "લાઈલાહ ઈલ્લલ્લાહ"ના કલ્માનો પ્રચાર તો આત્માની દુનિયાથી શરૂ થઈ ચૂક્યો હતો અને પૃથ્વી પર આવ્યા બાદ માનવ પિતા આદમે પણ એનો જ પ્રચાર કર્યો હતો. એક અલ્લાહની જ ત્યારે ઈબાદત (પૂજા) થતી હતી. સારાંશ કે સર્વથી પૂરાણો અને સનાતન ધર્મ ઈસ્લામ છે. જેથી જે ભાઈઓ કહે છે કે ઈસ્લામને ફક્ત ૧૪૦૦ વરસ જ થયાં છે ! અને અમારો ધર્મ તો પૂરાણો અને સનાતન છે. તેઓ જાણી લે કે **ઈસ્લામ તો દાદા આદમથી છે અને ૧૪૦૦ વરસો તો નબીઓના ક્રમની અંતિમ કડી નબીઓના સરદાર આખરી નબી મુહમ્મદ ﷺને થયાં**

છે. તેમજ જેઓ અન્ય આવી ગલતફહમીઓમાં છે તેમને અમો આ સત્ય સ્વીકારવાની પ્રેમપૂર્વક દા'વત આપીએ છીએ અને ઈસ્લામ સ્વીકારવાની તથા ઈસ્લામનો અભ્યાસ કરીને તેની ખૂબીઓને સમજવાની દા'વત આપીએ છીએ.

## ★ માનવપિતા હઝરત આદમનું સજર્ન તથા વંશવૃદ્ધિનો ટૂંક ચિતાર ★

કુર્આન તથા હદીષની રૂએ પ્રથમ માનવના સર્જનનો ટૂંક ચિતાર આ પ્રમાણે છે કે, માનવપિતા (અબુલ બશર) આદમ علیہ السلام ને ન મા છે ન બાપ, બલ્કે અલ્લાહ તબારક વ તઆલાએ તેમને માટી વડે બનાવ્યા છે. જ્યારે ખુદા તઆલાએ આપને પેદા કરવાનો ઈરાદો કર્યો તો મૌતના ફરિશ્તા હઝરત ઈઝરાઈલ علیہ السلام ને હુકમ આપ્યો કે જમીનથી એક મુટ્ઠી માટી લાવે. ખુદાના હુકમ મુજબ આપ માટી લાવ્યા જેમાં સાઈઠ રંગો તથા વિવિધ કૈફિયતોવાળી માટીઓ હતી. એટલે કે સફેદ, કાળી, લાલ તથા પીળા રંગોવાળી તથા નરમ, કઠણ, મીઠી, કડવી, ક્ષારયુક્ત તથા ફિક્કી વગેરે ગુણોવાળી માટીઓ સામેલ હતી. *(ખાઝિન, ૧/૪૬, જુમલ, ૧/૩૯)* આ જ કારણે વિવિધ વર્ણના કાળા, ગોરા, લાલ ત્વચાવાળા તથા વિવિધ પ્રકૃતિવાળા લોકો આપની ઔલાદમાં જગતમાં ફેલાયેલા જોવા મળે છે.

પછી એ માટીને વિવિધ પાણીઓ વડે ગુંદવાનો હુકમ આપ્યો, પછી વિવિધ પ્રક્રિયાઓમાંથી પસાર થઈને છેવટે આદમ علیہ السلام નું પૂતળુ બની ગયું. પછી અલ્લાહે એ પૂતળામાં રૂહને દાખલ થવાનો હુકમ આપ્યો. જ્યારે રૂહ આપના નસકોરામાં પહોંચી તો આપને છીંક આવી અને જ્યારે રૂહ જીભ સુધી પહોંચી તો આપે કહ્યું, અલ્હમ્દુલિલ્લાહ ! (સર્વ પ્રશંસાઓ અલ્લાહના માટે છે) અને અલ્લાહે ફર્માવ્યું, યર્હમુકલ્લાહ ! (અલ્લાહ તમારા પર રહમ ફર્માવે) હે અબૂ મુહમ્મદ ! મેં તમને મારી હમ્દ (પ્રશંસા) માટે જ





બનાવ્યા છે. પછી રૂહ ક્રમે ક્રમે આખા શરીરમાં પહોંચી ગઈ અને આપ જીવતા થઈને ઉભા થઈ ગયા. *(ખાઝિન, ૧/૪૬)*

અને અલ્લાહે હઝરત આદમની ડાબી પાંસળીમાંથી હઝરત હવ્વાને પેદા કર્યાં અને આપના નિકાહ તેમનાથી થયા અને તેમના થકી માનવવંશની વૃદ્ધિ પૃથ્વી પર તેમને ઉતાર્યા બાદ થતી ચાલી. હઝરત હવ્વાને એક છોકરો અને એક છોકરી એ રીતે જોડીયા બાળકો જન્મતાં હતાં તો એક પ્રસુતિવેળાના જોડીયાં ભાઈ બહેનોના બીજી પ્રસુતિમાં થયેલ ભાઈ બહેન સાથે નિકાહ કરાવી દેવામાં આવતા. તેમની શરીઅતમાં એ જાઈઝ હતું. આ રીતે માનવવંશમાં ક્રમે ક્રમે વૃદ્ધિ થતી ચાલી અને માનવોની વસ્તી જગતમાં વધતી ચાલી.

અલ્લાહે હઝરત આદમ علیہ السلام ને પોતાના નાયબ તથા ખલીફા તરીકે પેદા કર્યા હતા જે ચીજ શૈતાનને પસંદ ન હતી જેથી અલ્લાહે જ્યારે સર્વ ફરિશ્તાઓને હઝરત આદમને સજદો કરવાનો હુકમ આપ્યો તો સર્વએ સજદો કર્યો પણ શૈતાન ઘમંડમાં રહ્યો અને સજદાથી ઈન્કાર કર્યો જેથી તેને કાફિર ઠરાવીને અલ્લાહે જન્નતમાંથી હાંકી કાઢયો અને જ્યારે હઝરત આદમ علیہ السلام ને દુનિયામાં ઉતારવામાં આવ્યા ત્યારે તેને પણ ઉતારવામાં આવ્યો અને તેને કયામત સુધીના જીવનની મોહલત આપવામાં આવી. અને આ માનવ પિતા હઝરત આદમ علیہ السلام ના દુશ્મને માનવજાતને સતત ગુમરાહ કરવાને પોતાનો જીવન ધ્યેય બનાવી લીધો.

## ★ મૂર્તિપૂજાની શરૂઆત કેવી રીતે અને ક્યારથી થઈ ?! ★

માનવજાતની સુધારણા માટે અને તેમને સારા માર્ગે ચાલવાની હિદાયત માટે અલ્લાહ તઆલાએ વારાફરતી દુનિયામાં નબીઓ તથા રસૂલો મોકલ્યા. હઝરત આદમ علیہ السلام પછી હઝરત શીશ علیہ السلام, હઝરત નૂહ علیہ السلام એ જ પ્રમાણે હઝરત લૂત, હઝરત દાઊદ, હઝરત યાકૂબ, હઝરત

યૂનુસ, હઝરત યૂસુફ, હઝરત ઈબ્રાહીમ, હઝરત ઈસ્માઈલ, હઝરત મૂસા, હઝરત ઈસા અને છેવટે અંતિમ નબી હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺને લગભગ સાડા ચૌદસો વરસ પહેલાં દુનિયાના લોકોને સત્ય માર્ગ બતાવવા દુનિયામાં નબી બનાવીને મોકલ્યા. કુલ એક લાખ ચોવીસ હજાર કે બે લાખ ચોવીસ હજાર લગભગ જેટલા નબીઓ, રસૂલો દુનિયામાં માર્ગદર્શક (હાદી) બનીને આવ્યા.

કુર્આન હદીષની રૂએ મૂર્તિપૂજાની શરૂઆત ક્યાંથી થઈ તેના સંબંધે વિવિધ રિવાયતો છે જેમાંથી એક આ પ્રમાણે છે કે હઝરત આદમ عليه السلامનો લાઈલાહ ઈલ્લલ્લાહ (અલ્લાહ સિવાય કોઈ ઈબાદત (પૂજા)ને લાયક નથી)નો પયગામ ભૂલીને હઝરત નૂહ عليه السلامની ક઼ૌમ મૂર્તિપૂજામાં પડી ગઈ હતી. તેમની પાંચ મૂર્તિઓ મશહૂર હતી જેમનાં નામો આ પ્રમાણે હતાં, જેમ કે કુર્આનમાં છે : ''અને (કાફિરો) બોલ્યા, કદાપિ ન છોડશો તમારા મઅ્બૂદોને અને કદાપિ ન છોડશો, વદ્દ, સુવાઅ, યગૂષ, યઊક઼ તથા નસ્રને. અને બેશક ! તેમણે ઘણા બધાને ગુમરાહ કરી આપ્યા. *(સૂ. નૂહ, આયત : ૨૩)*

આ પાંચ મૂર્તિઓ કોણ હતી ? એના બારામાં હઝરત ઉરવહ બિન ઝુબૈર رضي الله عنهماનું વર્ણન છે કે આ પાંચેવ હઝરત આદમ عليه السلامના પુત્રો હતા જેઓ અતિશય દીનદાર તથા ઈબાદતગુઝાર હતા. અને લોકોમાં ખૂબ જ પ્રિય હતા. લોકો એમનાથી ખૂબ જ શ્રદ્ધા ધરાવતા હતા. જ્યારે એ પાંચેવ મૃત્યુ પામ્યા તો લોકોને ઘણો જ રંજ તથા આઘાત લાગ્યો. તો શયતાને તેમને આશ્વાસન આપતાં તસલ્લી આપી કે તમો એ પાંચેવ નેક બંદાઓનાં પૂતળાં બનાવી લો અને તેમને જોઈને તમારાં દિલોને તસલ્લી આપજો. જેથી પિત્તળ તથા સીસાનાં પૂતળાં બનાવીને લોકોએ રાખી લીધાં. થોડા દિવસો તો લોકો તેમને જોતા રહ્યા પણ પાછળથી લોકો તેમની પૂજા કરવા





લાગ્યા અને ખુદાની ઈબાદતને છોડીને મૂર્તિપૂજામાં લાગી ગયા. *(તફસીરે સાવી, ૪/૨૧૩)*

આ રીતે શિર્ક તથા મૂર્તિપૂજામાં દુનિયા સપડાઈ ગઈ અને ખુદાની ઈબાદત તથા તૌહીદ (એક અલ્લાહની માન્યતા)નો ચિરાગ બુઝાવા લાગ્યો જેને રોશન કરવા માટે નબીઓ એક પછી એક સતત દુનિયામાં આવતા રહ્યા, ત્યાં સુધી કે આખરી નબી હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ તશરીફ લાવ્યા જેમણે એનો ખાત્મો એ રીતે કર્યો કે ૧૪૦૦ વરસો પહેલાં આપે તસ્વીરો (ફોટાઓ) તથા પૂતળાંઓને બનાવવું જ હરામ ઠરાવી આપ્યું, અને મક્કા ફતહ થતાં તેમાં રહેલ ૩૬૦ મૂર્તિઓને દૂર કરાવી.

## ★ હઝરત મૂસા عليه السلام અને સામરીનો મૂર્તિપૂજા વિશે બનાવ ★

હઝરત મૂસા عليه السلامને ખુદા તઆલાએ હુકમ આપ્યો કે ચાલીસ રાતો તૂર પહાડ પર એ'તેકાફ (રોકાણ) કરે ત્યાર બાદ તેમને કિતાબ તૌરાત આપવામાં આવશે. જેથી હઝરત મૂસા عليه السلام તૂર પર ચાલ્યા ગયા અને બની ઈસ્રાઈલને પોતાના ભાઈ હઝરત હારૂન عليه السلامને સોંપી. આપ ૪૦ દિવસ સુધી દિવસે રોઝા રાખતા અને રાતભર ઈબાદતમાં વ્યસ્ત રહેતા.

ટૂંકમાં એ કે આ દિવસો દરમ્યાન સામરી નામના સોનીએ સોનુ, ચાંદી પીગાળીને એક વાછરડુ બનાવ્યું અને હઝરત જિબ્રઈલ عليه السلامના ઘોડાના પગોમાંની માટી જે એની પાસે હતી તેને વાછરડાના મોઢામાં રાખી તો તે વારછડુ બોલવા લાગ્યું. પછી સામરીએ બની ઈસ્રાઈલને કહ્યુ કે, હે મારી ક઼ૌમ ! હઝરત મૂસા عليه السلام તૂર પહાડ પર ખુદાના દીદાર માટે ગયા છે પણ તમારો ખુદા તો આ જ વાછરડુ છે જેથી તમો એની પૂજા કરો. આ રીતે સામરીએ ક઼ૌમને ગુમરાહ કરી અને બાર હજાર માણસો સિવાય આખી ક઼ૌમ તે સોના ચાંદીના વાછરડાની પૂજામાં પડી ગઈ. સારાંશ કે વિવિધ રીતે આદમની ઔલાદ એક ખુદાની

ઈબાદતથી વિમુખ થઈને ગૈરોની ઈબાદત (પૂજા)માં લાગી ગઈ, જેનો ક્રમ આજે પણ ચાલુ છે.

## ★ હિંદમાં ઈસ્લામ ક્યારે અને કઈ રીતે ફેલાયો ? ★

ઉપરોક્ત લખાણથી આપે સમજી લીધું કે આ દુનિયાનો અસલ તથા પૂરાણો સનાતન ધર્મ ઈસ્લામ જ છે જે માનવ પિતા હઝરત આદમ عليه السلام ના સર્જનની સાથે જ શરૂ થયેલો છે અને આપનામાં આત્માનો (રૂહનો) સંચાર થતાં જ આપે સર્વ પ્રથમ અલ્હમ્દુલિલ્લાહ ! (સર્વ વખાણો અલ્લાહના માટે છે) કહ્યું હતું. સર્વ એક ખુદાની જ ઈબાદત કરતા હતા અને શૈતાનના બહેકાવવાથી પાછળથી અન્ય ચીજોને ખુદા બનાવી તેની ઈબાદત શરૂ થઈ ગઈ. અલ્લાહ સૌને સત્ય સમજવાની તૌફીક઼ આપે. પણ વર્તમાનકાળમાં હિદમાં એક ચળવળ એવી ચાલી રહી છે જેમાં મુસલમાનોમાંથી જ અમુક લોકોને તૌહીદ (અલ્લાહ એક હોવા)ની માન્યતાથી હટાવીને અનેક ખુદાની પૂજા તરફ આકર્ષવાની તરકીબો થઈ રહી છે. એમના તરફથી એવું પણ કહેવાય છે કે મુસ્લિમ રાજાઓએ લોકોને બળપૂર્વક મુસલમાન બનાવ્યા છે. તો એના અનુસંધાનમાં થોડીક ચર્ચા કરી લઈએ.

દિલની માન્યતા એ એવી ચીજ છે જેને બળપૂર્વક કે જોર જુલ્મથી બદલી શકાતી નથી. માણસ ડરનો માર્યો પોતાની માન્યતા જાહેર ન કરે એ બની શકે છે, પણ એ નક્કી છે કે જાન આપી દે છતાં દિલની હાલત બદલી શકાતી નથી. જેથી બળપૂર્વક ધર્મ પરિવર્તન કરાવવામાં આવેલું એ વાતમાં કોઈ તથ્ય નથી. અને વળી જો બળપૂર્વક ધર્મપરિવર્તન કર્યું હોત કે થતું હોત તો મુસલમાન રાજાઓ બાદશાહોએ લગભગ પૂરા અખંડ ભારત પર ૬૦૦ વરસો સુધી રાજ કર્યું છે તો આટલા વરસોમાં એક પણ ગૈર મુસ્લિમ ન રહી શકત ! જ્યારે કે આટલા વરસો પછી પણ આજેય બહુમતિ તો ગૈર





મુસ્લિમોની જ છે ! બલ્કે કેટલાય રાજાઓના લશ્કરોમાં સર સેનાપતિ તથા સૈનિકો ગૈર મુસ્લિમો હતા તેમજ રાજ દરબારમાં ઉચ્ચ હોદ્દાઓ પર ગૈર મુસ્લિમો હતા. ત્યાં એવા કોઈ પક્ષપાતની વાત હતી જ નહીં, એના માટે ઈતિહાસ સાક્ષી છે જેથી એ વાતમાં કોઈ માલ નથી કે મુસ્લિમ રાજાઓની ધાકથી લોકોએ ઈસ્લામ સ્વીકાર્યો હતો.

ઈસ્લામ ફેલાયો તો એનો સબબ ઈસ્લામમાં રહેલા ઉચ્ચ અખ્લાક઼ (સુસંસ્કારો) તથા માનવઅધિકારની ભાવના તથા ભેદભાવ વિનાની એકતાની ભાવના, ઊંચનીચના ભેદભાવ વિના સમાનતા તથા ન્યાયની ભાવના તથા માનવ હક્કોના રક્ષણની ભાવના, નીતિ નિયમોમાં પ્રમાણિક્તા તથા વચન પાલનની ભાવના, કોઈના પર નાહક્ક઼ જુલ્મ ન કરવાની ભાવના વગેરે ઉચ્ચ ગુણોથી લોકોએ આકર્ષાયને ઈસ્લામ સ્વીકાર્યો છે. અલ્લાહના પયગંબરના ઉચ્ચ અખ્લાક઼ સુસંસ્કારવાળા તરીક઼ા પર ચાલીને ઈસ્લામના સંતોએ લોકોનાં દિલો જીતી લીધાં અને ઈસ્લામની સચ્ચાઈ તેમને સમજાયી તો તેમણે ઈસ્લામનો સ્વીકાર કર્યો. સારાંશ કે ઈસ્લામ લોખંડની તલ્વારથી નહીં પણ અખ્લાક઼ (સુસંસ્કાર)ની તલ્વાર વડે ફલાયો છે.

## ★ વલીઓની કરામતોથી ઈસ્લામ ફેલાયો છે ★

આમ તો પહેલી સદી હિજરીથી જ હિંદુસ્તાનમાં એક ખુદાની ઈબાદતને ભૂલી ચૂકેલ લોકોમાં ઈસ્લામનું આગમન થઈ ચૂક્યું હતું. અરબ મુસ્લિમ વેપારીઓની દરિયા કાંઠે આવજાથી તથા તેમની સોહબતથી ઈસ્લામનું સત્ય લોકોને સમજાયેલું અને તે વેપારીઓના ઉચ્ચ અખ્લાક઼ કે જે તેમણે ઈસ્લામના પયગંબરથી શીખ્યા હતા તેના પર તેઓ ચાલતા હતા જેનાથી આકર્ષાયને ઘણા લોકો મુસલમાન થતા રહ્યા.

જેમ કે કેરાલાના કાસરગોડ ખાતે જેમનો મઝાર શરીફ છે તે તાબઈ હઝરત માલિક બિન દીનાર رضي الله عنه ત્યાં દરિયાઈ માર્ગે આવ્યા તો તેમણે

ખૂબ જ ઈમાનદારીથી વેપાર કર્યો. નુકસાનીવાળી ચીજ વેચતા તો ગ્રાહકને બતાવી આપતા, કોઈથી ધોકો ન કરતા. તેમની આ ખૂબીની વાત ત્યાંના બાદશાહ સુધી પહોંચતાં તેણે પોતાના દરબારમાં તેમને બોલાવી એના વિશે પૂચ્છા કરી તો આપે ફર્માવ્યું કે આ ઈસ્લામના પયગંબરની તા'લીમ છે જેના પર અમો અડગપણે અમલ કરીએ છીએ. તો એનાથી પ્રભાવિત થઈને તે રાજા પૂરા દરબાર સાથે મુસલમાન થઈ ગયો. આ રીતે ઈસ્લામ ફેલાયો !

તે ઉપરાંત ક્રમે ક્રમે અલ્લાહના વલીઓ, મુસ્લિમ સંતો હિંદમાં આવતા રહ્યા અને તેમણે પોતાના ઉચ્ચ અખ્લાક઼ તથા કરામતો વડે લોકોને ઈસ્લામના દીવાના બનાવ્યા. હઝરત મખ્દૂમ અશરફ જહાંગીર સિમ્નાની (કછૌછા શરીફ), હઝરત દાતાગંજ બખ્શ લાહોરી ઉપરાંત ઘણા અલ્લાહના વલીઓ સંતો અખંડ ભારતમાં આવ્યા અને ઈસ્લામ ફેલાતો ચાલ્યો. પણ વિશેષતઃ જેમને હિંદના રાજા ખ્વાજા ગરીબ નવાઝ કહેવામાં આવે છે તે હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہના હિંદમાં પ્રવેશથી અગણિત લોકોએ ઈસ્લામ સ્વીકાર્યો. ન તો અતાએ રસૂલ ખ્વાજા સાહબ પાસે જાહેરી કોઈ બાદશાહત હતી ન કોઈ લશ્કર હતું ન કોઈ હથિયારધારીઓ તેમની સાથે હતા. તદ્દન ફક઼ીરી હાલતમાં હિદમાં પધારીને અજમેરની ધરતી પર તેમણે વસવાટ કર્યો પણ ઈતિહાસ સાક્ષી છે કે આ ફક઼ીરના હાથે નેવુ લાખ લોકોએ ત્યારે ઈસ્લામને સ્વીકાર્યો હતો જે ક્રમ ચિશ્તી સિલસિલાના આપના અનુગામી બુઝુર્ગો હઝરત કુત્બુદ્દીન બખ્તિયારકાકી, હઝરત ફરીદુદ્દીન ગંજશકર, હઝરત નિઝામુદ્દીન અવલિયા, હઝરત નસરુદ્દીન ચિરાગ દહેલ્વી, હઝરત સાબિર કલિયરી.... ઉપરાંત ક઼ાદરી, સુહરવર્દી, નક઼્શબંદી વગેરે સિલસિલાઓના બુઝુર્ગોની કોશિશો તથા કરામતો રંગ લાવી અને હિંદુસ્તાનમાં ઈસ્લામની બોલબાલા થઈ ગઈ. અત્રે સ્થળ સંકોચને કારણે ફક્ત સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ થકી કેવા કેવા લોકોએ ઈસ્લામ સ્વીકાર્યો તેના અમુક નમૂના જોઈ લો :–





## ★ ખ્વાજા ગરીબનવાઝ થકી ફેલાયેલી ઈસ્લામની રોશનીની એક ઝલક ! ★

હિ.સ. ૫૮૭ (ઈ.સ. ૧૧૯૧)માં ખ્વાજા સાહબ પ્રથમવાર ૪૦ સાથીઓ સાથે અજમેરમાં આવ્યા. શહેર બહાર છાંયડાવાળા વૃક્ષો નીચે આપે પડાવ નાખ્યો. તો પૃથ્વીરાજના નોકરોએ બેસવાની ના પાડી કે અહીં રાજાનાં ઊંટો બેસે છે. આપ ત્યાંથી ઉઠીને ચાલવા લાગ્યા અને કહ્યું, ''અહીં રાજાનાં ઊંટો બેસે છે તો ભલે બેઠેલાં રહ્યાં !'' ત્યારબાદ આપ અનાસાગરના કિનારે જતા રહ્યા. પેલી જગ્યાએ ઊંટો બેઠાં તો બેઠેલાં જ રહ્યાં, ખૂબ જ કોશિશ છતાં ઊંટો ન ઉઠયાં તો રાજાને હક઼ીક઼ત જણાવવામાં આવી તો તેણે ખ્વાજા સાહબ પાસે જઈ માફી માગવા એ નોકરોને કહ્યું અને જ્યારે માફી મળી તો તે ઊંટો ઉઠી ગયાં ! આ કરામત જોઈને લોકો ખ્વાજા સાહબથી પ્રભાવિત થવા લાગ્યા.

અનાસાગરના કિનારે ખ્વાજા સાહબ સાથીઓ સાથે રહેવા લાગ્યા. ત્યાં અઝાનો થતી, નમાઝો થતી તથા એક અલ્લાહની ઈબાદત થતી. આ બધું જોઈને કેટલાક લોકોએ રાજાને ચેતવ્યો તો તેણે મુખ્ય મંદિરના મહંત અને સર્વ પૂજારીઓના ગુરૂ સાધુરામને ખ્વાજા સાહબને તગેડવા મોકલ્યો. પણ તે ખ્વાજા સાહબ પાસે પહોંચતાં જ પોતાની વિદ્યા ભૂલી ગયો અને આપના રૂહાની પ્રભાવથી અંજામને ઈસ્લામનો કલ્મો ખ્વાજા સાહબના હાથ પર પઢી મુસલમાન થઈ ગયો.

એ જ પ્રમાણે જયપાલ જોગી જે જાદૂઈ વિદ્યાઓનો જાણકાર હતો તેને રાજાએ ખ્વાજા સાહબને મહાત કરવા મોકલ્યો. જયપાલ જોગીએ જાદૂથી પહાડી પથ્થરો ખ્વાજા સાહબના તરફ ફેંકાવ્યા, પણ ખ્વાજા સાહબે દોરેલા વર્તુળની અંદર કોઈ પથ્થર ન જઈ શક્યો. સારાંશ ખ્વાજા સાહબની કરામતો જોઈને છેવટે તેણે પણ ઈસ્લામનો સ્વીકાર કરી લીધો. સારાંશ ખ્વાજા

સાહબની આવી અનેક કરામતો જેમ કે અનાસાગરને એક કૂજામાં સમાવી દીધું, ખંજર સંતાડીને મારવા આવનારનું રહસ્ય જાહેર કરી આપ્યું......વગેરે. જેનાથી ખૂબ જ સંખ્યામાં લોકો ઈસ્લામમાં દાખલ થતા ગયા. એ જ પ્રમાણે દરેક યુગમાં હિંદુસ્તાનભરમાં ફેલાયેલા અલ્લાહના વલીઓની કરામતો તથા ઉલમાની કોશિશોથી ઈસ્લામ ફેલાયેલો છે, ન કોઈ જોર જુલ્મ કે બળ પ્રયોગ તેમણે કર્યો હતો બલ્કે અતિશય શક્તિશાળી રાજાઓ સામે આવા ફકીરી હાલતમાં રહેતા વલીઓ સંતોએ ઈસ્લામ પ્રતિ લોકોને આકર્ષ્યા અને તેમના હાથે હિંદવાસીઓના બાપદાદાઓ ઈસ્લામનો કલમો પઢી મુસલમાન થયેલા છે.

### ★ અલ્લાહ તઆલા શિર્કને માફ કરશે નહીં ! ★

મુસલમાનો ! સાવધાન ! ખોટા વહેમોને ત્યજો અને ગૈરોની લોભામણી વાતોમાં આવી શિર્ક તરફ ન ખેંચાશો ! ઈસ્લામની કિંમત સમજો ! ઈમાનના મૂલ્યને સમજો ! જે ઈમાન વિના દુનિયાથી જશે તે હમેશાંની જહન્નમમાં પડશે, કદી તેમાંથી બહાર આવી શકશે નહીં, માટે ગંભીર બનીને કુફ્ર શિર્કથી બચવા સાવધાન રહો. રબ તઆલા કુર્આનમાં ફર્માવે છે : "અલ્લાહ એને માફ નથી કરતો કે તેનો કોઈ શરીક (ભાગીદાર) ઠરાવવામાં આવે, અને એનાથી નીચે જે કાંઈ છે જેને ચાહે માફ કરી આપે. અને જે અલ્લાહનો શરીક (ભાગીદાર) ઠરાવે તે દૂરની ગુમરાહીમાં પડયો." *(સૂરએ નિસાઅ્, આયત : ૧૧૫)*

જો કોઈ અલ્લાહ સિવાય અન્યને ખુદા માને તેણે **ઝાતમાં શિર્ક** કર્યું અને તેની (ગૈરની) ઈબાદત કરે તો તેણે **ઈબાદતમાં શિર્ક** કર્યું. અને જો કોઈ ઈલ્મ, સાંભળવાની શક્તિ, જોવાની શક્તિ વગેરે અલ્લાહની સિફતો (ગુણો, ખૂબીઓ) છે જો તે સિફતોમાં અન્યને એના જેવી સિફતોવાળો (એટલે ઝાતી, હમેશાથી હમેશા માટેની) ઠરાવે તો તે **સિફાતમાં શિર્ક** કરનાર





મુશ્રિક ઠરશે. અને જે શિર્કથી તૌબા કર્યા વિના મૃત્યુ પામે તે ઉપરોક્ત આયત પ્રમાણે સદાયની જહન્નમમાં જશે.

જેથી વર્તમાનકાળમાં વિવિધ તરકીબો વડે ઈસ્લામથી દૂર કરવાની તથા અનેક ખુદાઓની પૂજા કરતા કરવાની જે કોશિશો ચાલી રહી છે તેનાથી મુસલમાનોએ સાવધાન રહીને પોતાના દીન પર અડગતાથી રહેવું જોઈએ અને ઈસ્લામ સ્વીકાર્યા બાદ ગૈરોના કોઈપણ પ્રકારના જાતિવાદના ચક્કરમાં આવવું જોઈને નહીં. ઈસ્લામમાં કોઈ જાતિવાદ નથી ન કોઈ વંશ પર ગર્વ કરવાની ઈજાઝત છે, બલ્કે ઈજ્જત તો કેવળ મો'મિનના માટે જ છે. જેમ કે કુર્આનમાં છે : وَلِلّٰهِ الْعِزَّةُ وَلِرَسُوْلِهٖ وَلِلْمُؤْمِنِيْنَ "અને ઈજ્જત તો અલ્લાહ અને રસૂલ અને મુસલમાનો માટે છે." *(સૂરએ મુનાફિકૂન, આયત : ૮)* **જેથી કોઈ જાતિથી નિસ્બત કરી તેને ઈજ્જતની વાત સમજી ગર્વ કરવો એ ગુમરાહી છે. મુસલમાન થયા બાદ અન્ય જાતિથી હવે કોઈ સંબંધ ન રહ્યો જેથી કોઈ જાતિવાદમાં લલચાયા વિના કે વહેમોમાં તણાયા વિના ઈસ્લામ ધર્મ પર મુસલમાનોએ અડગતાથી રહેવું જોઈએ.** મુસલમાન હોવું એ જ સર્વ જાતીઓ કરતાં શ્રેષ્ઠ દરજ્જો છે.

આપણા દેશમાં તેમજ જગતભરમાં એક અલ્લાહના સિવાય અનેક મઅબૂદોને માનવાવાળી, અલ્લાહને છોડીને અન્યોની ઈબાદત, પૂજા કરવાવાળી અનેક જાતિઓ અસ્તિત્વમાં છે. અમારે એના બાબતે ચર્ચા નથી કરવી, ન એ આ લેખનો વિષય છે, પણ જેઓ પોતે **લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** કલ્મો પઢીને એક અલ્લાહની ઈબાદતનો અને મુહમ્મદ ﷺને અલ્લાહના રસૂલ હોવાનો ઈકરાર (સ્વીકાર) કરી ચૂક્યા છે અને પોતાને "મુસલમાન" કહેવડાવે છે તેમને આ કલમાનો મહિમા સમજાવાનો હેતુ છે. ખરેખર ઈસ્લામ તથા ઈમાન શું છે ? અને કયાં કામો એવાં છે જેના થકી મુસલમાન શિર્ક તથા કુફ્રમાં સપડાયને ઈસ્લામથી બહાર થઈ જાય છે, અને શું બોલવાથી મુસલમાન ઈસ્લામી

વર્તુળથી દૂર થઈ જાય છે તેની સમજ આપવા ઈસ્લામના મહાન સ્કોલર્સના માર્ગદર્શન હેઠળ કેટલીક વાતો અત્રે રજૂ કરવામાં આવે છે, જેને મુસલમાનો ધ્યાનથી વાંચે અને ઈસ્લામની સચ્ચાઈને, વાસ્તવિક્તાને સમજે અને ઈસ્લામ તથા ઈમાન પર અડગ થઈ જાય.

## ★ એક મ્યાનમાં બે તલ્વારો રહેવી શક્ય નથી ! ★

આજકાલ કેટલાક ઠેકાણે ઈસ્લામ તથા ઈમાન સંબંધે અજ્ઞાનતાના કારણે અમુક કહેવાતા મુસલમાનોના ઘરોમાં ગૈર મુસ્લિમોના દેવી દેવતાઓના ફોટાના તખ્તા જોવા મળે છે અને આ કહેવાતા મુસલમાનો મસ્જિદે પણ જાય છે, ઈદ વગેરે પણ કરે છે અને સાથે સાથે ગૈર મુસ્લિમોના તહેવારો પણ ઉજવે છે. સારાંશ કે ભેળસેળિયો ધર્મ પાળતા જોવા મળે છે. તો એવા કહેવાતા મુસ્લિમ ભાઈઓની હિદાયતના માટે ઈસ્લામના પયગંબરનો આ પ્રસંગ પૂરતો છે. સાંભળો !

મક્કામાં કુરૈશના કાફિરોમાંથી એક ગૃપ નબી કરીમ ﷺની પાસે હાજર થયું અને કહ્યું કે તમો અમારા દીનનું અનુસરણ કરો તો અમે પણ તમારા દીનનું અનુસરણ કરીશું. એક વરસ તમો અમારી મૂર્તિઓની ઈબાદત–પૂજા કરો તો એક વરસ અમો આપના મઅબૂદ અલ્લાહની ઈબાદત કરીશું. હુઝૂરે અકરમ ﷺએ કહ્યું કે અલ્લાહની પનાહ ! કે હું ગૈરુલ્લાહ (અલ્લાહ સિવાયના)ને એનો ભાગીદાર ઠરાવું ?! આ સાંભળીને કુરૈશના કાફિરોએ કહ્યું કે, જો તમો મૂર્તિઓની પૂજા નથી કરી શક્તા તો કમસે કમ આપ અમારી કોઈ મૂર્તિને હાથ જ લગાડી આપો તો અમે આપનું સમર્થન કરી દઈશું અને આપના મઅબૂદ (ખુદા)ની ઈબાદત કરીશું. એ પ્રસંગે :–

قُلْ يٰٓاَيُّهَا الْكَافِرُوْنَ○ لَآ اَعْبُدُ مَا تَعْبُدُوْنَ○ وَلَآ اَنْتُمْ عٰبِدُوْنَ مَآ اَعْبُدُ○
وَلَآ اَنَا عَابِدٌ مَّا عَبَدْتُّمْ○ وَلَآ اَنْتُمْ عَابِدُوْنَ مَآ اَعْبُدُ○ لَكُمْ دِيْنُكُمْ وَلِىَ دِيْنِ○





નાઝિલ થઈ અને હુઝૂર સૈયદે આલમ ﷺ હરમે કા'બામાં તશરીફ લઈ ગયા અને કુરૈશના કાફિરોને આ સૂરત પઢીને સંભળાવી.... "(હે પયગંબર !) તમે કહી આપો, હે કાફિરો ! ન હું પૂજુ છું જે તમે પૂજો છો અને ન તમો પૂજો છો જેને હું પૂજુ છું. અને ન હું પૂજીશ જે તમે પૂજ્યું અને ન તમે પૂજશો જે હું પૂજુ છું. તમારા માટે તમારો ધર્મ છે અને મારા માટે મારો ધર્મ છે." *(હવાલો : કિતાબ ગરાઈબુલ કુર્આન, પેજ : ૧૯૧, અઝ : અબ્દુલ મુસ્તફા આ'ઝમી رحمۃ اللہ علیہ)*

મુસલમાનો ! "લાઈલાહ ઈલ્લલ્લાહ"નો કલમો પઢયા છો તો તેના પર અડગ રહો ! આપણા પ્યારા નબી મુહમ્મદ મુસ્તફા ﷺનો ઉપરોક્ત પ્રસંગ શું તા'લીમ આપે છે તેને સમજો ! ધર્મોમાં ભેળસેળ શક્ય નથી ! **જે મુસલમાન ગૈરોને ખુશ કરવા અથવા રાજકરણી બની પક્ષના નેતાને અથવા પબ્લિકની ખુશામદ કરવા તેમના ધાર્મિક પ્રોગ્રામો તથા ધાર્મિક વિધિઓમાં ભાગ લે છે તેમણે સબક઼ હાંસલ કરવો જોઈએ. તૌહીદ (એક અલ્લાહની હોવાની માન્યતા) અને શિર્ક (ખુદા સિવાય અન્યને પૂજાપાત્ર માનવું) બે કદાપિ ભેગાં નથી થઈ શક્તાં. એક મ્યાનમાં બે તલ્વારો નથી રહી શક્તી !** જેથી ધાર્મિક પ્રોગ્રામો કે ધાર્મિક વિધિઓ સિવાય સામાજિક કામોમાં કે ધધાંકીય બાબતોમાં બંને કૌમના માણસો એકમેકના સહકારથી, મેળમેળાપથી જરૂર રહે, એકબીજાને મદદરૂપ થાય પણ ધાર્મિક બાબતોમાં ભેળસેળ કરશે તો ઈમાનથી હાથ ધોવા પડશે અને પછી **જાહેરમાં તૌબા કરી કલ્મો પઢી ફરીથી મુસલમાન થવું પડશે.** અને **જે તૌબા વિના દુનિયાથી જશે તે ગૈરમુસ્લિમ થઈને જશે,** આ ગંભીર બાબતને ભૂલશો નહીં.

## ★ ઈસ્લામથી બહાર કરી દેતાં આવાં કામોથી દૂર રહો ! ★

અત્રે મુસલમાનોને કેટલાક એવાં કામો વિશે શરીઅતના હુકમો રજૂ કરી દઈએ કે જેને કરવાથી મુસલમાન કાફિર થઈ જાય છે અને સાચા

દિલથી તૌબા કરી કલમો પઢયા વિના તે ફરી મુસલમાન નથી થઈ શક્તો. જેમ કે એક સવાલ પૂછવામાં આવ્યો કે **એક મુસલમાન નમાઝ, રોઝા વગેરેનો પાબંદ છે પરંતુ બીજા ધર્મના રિવાજ પર પણ અમલ કરે છે જેમ કે લક્ષ્મી પૂજા કરે છે, તો એવા મુસલમાનના બારામાં શું હુકમ છે ?** તો શરીઅતનો હુકમ મુફતી સાહબે સંભળાવ્યો કે, **"આ શખ્સ મુસલમાન નથી, કાફિર તથા મુશ્રિક છે.** વલ્લાહુ તઆલા અઅ્લમ." *(હવાલો : ફતાવા શારેહે બુખારી, ભાગ : ૨, પેજ : ૫૬૦, અઝ : મુફતી શરીફુલ હક્ક અમજદી رحمۃ اللہ علیہ)*

સારાંશ કે અલ્લાહ સિવાય અન્યની પૂજા કરવાથી મુસલમાન ઈસ્લામથી બહાર થઈ જાય છે, ભલે પછી તે પોતાને મુસલમાન કહેતો રહે, નમાઝો પઢે, રોઝા રાખે બધુ જ કરે પણ ઉપર મુજબનું કામ કર્યા બાદ (લક્ષ્મી પૂજા કે ગૌ પૂજા કે ગમે તે ચીજની પૂજા કર્યા બાદ) જયાં સુધી એનાથી તૌબા ન કરે, કલ્મો ન પઢે ત્યાં સુધી તે મુસલમાન ગણાશે નહીં. અમુક ઠેકાણે બળીયા દેવની મન્નત, અમુક કહેવાતા મુસ્લિમો માને છે અને તેને ચઢાવવા તે મંદિરે જાય છે. પ્રથમ તો મંદિરથી આ પ્રકારની તથા અન્ય ગમે તે કામની મુસલમાને મન્નત માનવી જ કુફ્ર છે.

અમુક લોકો ગૈર મુસ્લિમ ભગત પાસે ઝાડ ફૂંક કરાવવા કે બીમારી ઝરાવવા જાય છે, તો એના વિશે હુકમ એ છે કે ગૈર મુસ્લિમથી ઝાડ ફૂંક સદંતર કુફ્ર નથી પણ હરામ જરૂર છે. પણ જો ખબર હોય કે તે પોતાના મંત્રમાં દેવી દેવતાઓનાં નામ લઈ મદદ માગે છે, તો આ સ્થિતિમાં ઝાડ ફૂંક કરાવવું, ઝરાવવું એ રઝા બિલ્ કુફ્ર (કુફ્રમાં રાજીપો) હોવાને કારણે જરૂર કુફ્ર છે જેથી એનાથી તૌબા કરવી લાઝિમ છે. *(ફતાવા શારેહે બુખારી, ભાગ : ૨, પેજ : ૫૬૪)*





### ★ અન્યની કૌમી નિશાની અપનાવવી હરામ, ધાર્મિક નિશાની કુફ્ર ★

રાખી સંબંધી એક સવાલના જવાબમાં શારેહે બુખારી હઝરત મુફતી શરીફુલ હક્ક رحمۃ اللہ علیہ એ જવાબ આપ્યો કે, "જે મુસલમાન સ્ત્રીઓએ ગૈર મુસ્લિમોને એ દોરો (રાખી) બાંધ્યો તથા મુસલમાન પુરૂષોએ એ દોરો (રાખી) ગૈર મુસ્લિમ સ્ત્રીઓ થકી બંધાવ્યો તેઓ સર્વે ફાસિક તથા ફાજિર, ગુનેહગાર, જહન્નમના અઝાબને પાત્ર ઠર્યા, પરંતુ કાફિર ન થયા, એટલા માટે કે આ રાખી બાંધવી એ પૂજા નથી પણ તેમનો કૌમી તહેવાર છે અને તેમની કૌમી નિશાની છે, ધાર્મિક નિશાની નથી. કોઈ ગૈર મુસ્લિમની કૌમી નિશાની અપનાવવી હરામ તથા ગુનોહ છે, જેમ કે હોળી ખેલવી. હા ! કોઈ ગૈર ધર્મવાળાની ધાર્મિક નિશાની અપનાવવી જરૂર કુફ્ર છે, જેમ કે ચોટી રાખવી, જનોઈ બાંધવી, માથે ટીલક કરાવવું.... *(ફતાવા શારેહે બુખારી, ભાગ : ૨, પેજ : ૫૬૬, ૫૯૧)*

તેમજ એમાં જ એક સવાલના જવાબમાં છે : ગૈર મુસ્લિમોનાં પૂજાનાં ગીતો તથા ભજનમાં શરીક થનાર મુસલમાન નથી, તે ઈસ્લામથી નીકળી ગયો. તેની પત્ની તેના નિકાહથી નીકળી ગઈ. વલ્લાહુ તઆલા અઅ્લમ. *(હવાલ ઉપર મુજબ, પેજ : ૬૧૯)*

તો જે મુસલમાન ગરબાના પ્રોગામમાં સાંભળવા કે જોવા જાય છે તથા જેઓ શાદીઓમાં પોતે જ ગરબા ગાઈને નાચે છે, આરતીના પ્રોગ્રામમાં થાળી લઈને કે થાળી વિના જેઓ ઉભા રહે છે, તેમજ ટી.વી. પર ઘરોમાં પૂજાપાઠના પ્રોગ્રામો સિરિયલોમાં શોખથી જુએ છે તેઓ આનાથી બોધ લેશે ?! તેમજ એક સવાલના જવાબમાં છે કે પૂજારીના ગળામાં હાર નાખવો, પગે લાગવું મુસલમાન માટે હરામ સખત હરામ તથા ગુનોહ છે. અને જો મૂર્તિના ગળામાં હાર નાખ્યો તો મુસલમાન ઈસ્લામથી બહાર થઈ જશે,

મુશ્રિક થઈ જશે. તેણે સત્વરે તૌબા કરી કલ્મો પઢવો નિકાહ દોહરાવવો વાજિબ છે. *(હવાલો ઉપર મુજબ, પેજ : ૬૨૬)* તે ઉપરાંત કોઈ પ્રસંગે અથવા વાતચીતની શરૂઆતમાં કે અંતમાં જે પ્રમાણે કેટલાક ગૈર મુસ્લિમો તેમના મઅબૂદો, દેવી, દેવતા, માતાઓની "જય" બોલે છે તેવું મુસલમાન બોલે તો કુફ્ર થશે, જેનાથી તૌબા લાઝિમ થશે. *(હવાલો ઉપર મુજબ, પેજ : ૫૯૦, ૫૯૧)* તેમજ ગૈરોના ધાર્મિક પ્રસંગો પ્રોગ્રામોમાં જવું તેમજ તેમાં ચંદો આપવો હરામ સખત હરામ બલ્કે કુફ્ર સુધી લઈ જનાર કાર્ય છે, એવું કરનાર પર તૌબા લાઝિમ છે. *(હવાલો ઉપર મુજબ, પેજ : ૫૭૫)*

કેટલીક જગાએ ગૈર મુસ્લિમ યુવાનો તેમના ધાર્મિક તહેવારોમાં ધાર્મિક કામ માટે જબદસ્તી ચંદો લેતા હોય છે. ચંદો ન આપવા પર વિવિધ પ્રકારની તકલીફો કામ કરવામાં મુસલમાનોને આપવા લાગે છે અને મુસલમાનોને પરેશાન કરતા રહે છે. જ્યારે તેમને કહેવામાં આવે છે કે અમે તો અમારા ધર્મ માટે આપનાથી ચંદો નથી લેતા ! તો તેઓ કહે છે કે તમે અમારાથી ચંદો લો કે ન લો, અમે તમારાથી જરૂર ચંદો લઈશું, તમે પણ તમારા મઝહબ માટે અમારાથી ચંદો લો ! અમે આપવા તૈયાર છીએ. તો શું મુસલમાન એમનાથી મસ્જિદ, મદ્રસા કે ધાર્મિક કામે ચંદો લઈ શકે છે ? આ સંજોગોમાં શું કરવું જોઈએ ? આવા એક પ્રશ્નના જવાબમાં હઝરત શારેહે બુખારી رحمۃ اللہ علیہ એ જવાબ આપ્યો કે, "તેમની બુરાઈથી બચવાની નિય્યત સાથે કાંઈક આપી દીધા કરે અને તેના બદલાની નિય્યતથી એમનાથી પણ લઈ લે, અને જ્યાં ચાહે ખર્ચ કરે." *(હવાલો ઉપર મુજબ)*

## ★ ધાર્મિક બાબત સિવાય સર્વ ભલાઈનાં કામોમાં એકતા કરી શકાશે ★

ધર્મ દરેકની પર્સનલ મેટર છે, જેને જે ઠીક લાગે તે ધર્મ પાળે, તેના પર કોઈ જબરદસ્તી નથી. જેથી ન મુસલમાન કોઈને તેનો ધર્મ પાળવા જબરદસ્તી કરી શકે છે ન અન્ય ધર્મવાળા કોઈ મુસલમાનને જબરદસ્તી





તેમનો ધર્મ પાળવા આગ્રહ કરી શકે છે. અને હિંદુસ્તાનના બંધારણમાં એક નાગરીકને પોતાનો ધર્મ પાળવાની તથા તેના પ્રચારની સ્વતંત્રતા આપવામાં આવી છે. તો જેની જેવી સમજ, જેનું જેવું નસીબ ! પણ આપણે સહુ ભારતમાં વિવિધ જાતિઓના લોકો સાથે જ રહીને જીવીએ છીએ જેથી એકમેકને સામાજિક કામો, માનવતાના ધોરણે આપસમાં સહાયનાં કામો, દુનિયવી એજ્યુકેશન તથા દેશની પ્રગતિના માટે વિવિધ જે કામો થાય તેમાં સહકારથી સહભાગી બનીને હરીમળીને કરવાં જોઈએ કે જેમાં સર્વ નાગરીકોનું તથા દેશનું ભલુ સમાયેલું છે. આજે કેટલાક સ્વાર્થી તત્વો તથા રાજકરણીઓ દેશની હરીમળીને રહેતી પચરંગી જનતાને પોતે સત્તા પ્રાપ્તિ ખાતર આડેધડ નિવેદનો કરીને, ઉશ્કેરણીજનક પ્રવચનો કરીને આપસમાં ટકરાવવાના પ્રયત્નો કરતા રહે છે, આપસમાં નફરતનો માહોલ ખડો કરવા પ્રયત્નશીલ રહે છે, જેમ કે **VHP**ના અગ્રણી પ્રવિણ તોગડીયા અવારનવાર ઉશ્કેરણીજનક પ્રવચનો કર્યા કરે છે. હાલમાં જ ગુજરાતના ભાવનગરની સભામાં પ્રવિણ તોગડીયાએ તા. ૧૯–૪–૨૦૧૪ના રોજ હિંદુ બહુમતિ ધરાવતા વિસ્તારમાંથી મુસ્લિમોને ભગાડવાની તરકીબો શીખવાડી હતી. તેણે કહ્યું કે, "કોઈના પર થૂંકવાની કોઈ સજા નથી તો તે ઘર બહાર નીકળે તેમના પર થૂંકો તથા કોઈના પર ટામેટાં ફેંકવાની કોઈ સજા નથી તો દસ બાર બાળકોને ઉભા કરી દો અને તેમના પર ટામેટાં ફેંકો (આ રીતે તેમને પજવો). વધુમાં તેણે કહ્યું કે, "મુસ્લિમ કુટુંબોને ૨૪ કલાકમાં ઘર ખાલી કરવા કહો, વાત માની લે તો ઠીક અને ન માને તો ઘર પર કબજો કરો અને ઘર પર બજરંગદળનું બોર્ડ લગાડી દો !" *(વર્તમાન પત્રો તા. ૨૨–૪–૨૦૧૪)*

શું આ ગુંડાગર્દી નથી ? શું આવી તા'લીમ હિંદુ ધર્મમાં પણ છે ખરી ?! અથવા આપણા બિનસાંપ્રદાયિક લોકશાહી દેશમાં આવુ બંધારણમાં છે ખરૂં ?! તો પછી આવું વારંવાર ઉશ્કેરણીજનક બોલનાર તોગડીયા જેવા

અસભ્ય તત્વો સાથે દેશના કાયદાના રક્ષકો કઈ રીતે વર્તી રહ્યા છે કે બેફામ ઉશ્કેરણીજનક પ્રવચનો છતાં તેમની કોઈ પકડ થતી નથી ?! શું તોગડીયાની તા'લીમ હિંદુસ્તાનની સર્વ કૌમની પ્રજાને અશાંતિ તથા આપત્તિના જીવન તરફ નથી ધકેલી રહી ?! આવા તત્વો દેશને આગમાં ફેંકવા માગે છે કે નહીં ?! સમજો ! જેથી સર્વ દેશ બાંધવોને વિનંતિ છે કે આવા અસામાજિક તત્વોની વાતોમાં આવ્યા વિના આપસમાં વહેવાર સાચવી રાખી રાજ્યમાં દેશમાં શાંતિનું સામ્રાજ્ય જળવાઈ રહે તેવા પ્રયત્નો કરવા જોઈએ કે એમાં જ આપણા દેશની એકતા, અખંડિતતા તથા પ્રગતિ સમાયેલી છે, તેમજ સર્વ નાગરીકોની ભલાઈ એમાં જ છે.

## ★ મુસલમાનોને અંતિમ અપીલ ★

**યહ શહાદત ગહે ઉલ્ફતમેં કદમ રખના હૈ**
**લોગ આસાન સમઝતે હૈં મુસલમાં હોના**

હે મુસલમાનો ! તમે "લાઈલાહ ઈલ્લલ્લાહ"નો કલ્મો સ્વીકાર્યો છે, તો તેના પર અડગ રહો અને ઉપર દર્શાવ્યાં તેવાં જે જે કામોથી મુસલમાન ઈસ્લામના વર્તુળથી બહાર થઈ જાય છે તેનાથી સદા બચતા રહો અને ભૂતકાળમાં એવી કોઈ ભૂલો અજ્ઞાનતામાં જાણે અજાણે થઈ ગઈ હોય તો તેનાથી તૌબા કરી, કલ્મો પઢી તમારી આખેરતને સુધારી લો. તૌબા કરવાથી શરમ ન કરો, છુપા ગુનાની છુપી રીતે અને જાહેરમાં થયેલ ગુનાની જાહેરમાં તૌબા કરો. મુસલમાન રહેવું એ કોઈ રમત કે ખેલ નથી, એના માટે સતત સાવધાન રહેવું પડશે, જીવનના છેલ્લા શ્વાસ સુધી ઈમાનને સાચવીને સાથે લઈ જવું પડશે ! દુનિયાની સત્તાની લાલચ, વાહ વાહની લાલચ, માલ દૌલતની લાલચમાં રહીને ઈસ્લામની બાઉન્ડરીઓ તોડશો તો તેના અંજામ સ્વરૂપે જહન્નમમાં જવા સિવાય બીજો કોઈ રસ્તો નથી. મુસલમાન કહેવડાવો છો તો સાચા પાકા મુસલમાન બનો. કેટલા





અફસોસની વાત છે કે સેંકડો વરસોથી કેટલાક ઠેકાણે લોકોએ ઈસ્લામના બુઝુર્ગોની પ્રેરણાથી ઈસ્લામનો કલ્મો તો પઢયો પણ હજી તેમનાં ન નામો બદલાયાં છે, ન તેમનો, તેમની સ્ત્રીઓનો પહેરવેશ બદલાયો છે ! વળી ક્યાંક ઈસ્લામી પહેરવેશ છોડીને સ્ત્રીઓ જિન્સ તથા ટી શર્ટ તથા ટાંચાં ટૂંકાં ચુસ્ત કપડાં પહેરીને યહૂદી ઈસાઈ જેવું સ્વચ્છંદી જીવન જીવી રહી છે, યુવાનો ઈસ્લામી આદેશોથી ઉલ્ટુ જીવન જીવી રહેલા છે, તેમની મુસ્લિમ તરીકેની કોઈ ઓળખ જોવા નથી મળતી. તો સમજો ! આવનારી પેઢીને ઈસ્લામ પર બાકી રાખવા ચાહતા હોઉ તો સંપૂર્ણપણે ઈસ્લામી ઢબનું જીવન અપનાવો. બોલવા ચાલવામાં, રહેણી કરણીમાં, પહેરવેશમાં, અખ્લાકમાં ઈસ્લામી તરીકા અપનાવો. આજે મુસલમાનોને દીનથી હટાવવા માટે વિવિધ પ્રકારના પ્રોપેગન્ડા થઈ રહ્યા છે, એવા સમયે અધિક સાવધાની અપનાવી દીની કિતાબો વાંચો, દીની બયાનો સાંભળો, ઈસ્લામી માહોલ તમારા ઘરમાં, તમારા મહોલ્લાઓમાં તથા તમારા સમાજમાં ખડો કરો જેથી નવી પેઢી તેને અનુસરીને તેના પર કાયમ રહી જહન્નમમાં પડવાથી બચી જાય. **ઔલાદની દુનિયવી પ્રગતિ માટે ખૂબ જ ચિંતિત રહો છો એટલી જ ચિંતા ઔલાદના દીનની તથા આખેરતની તમને કેમ નથી ?! દુનિયા તો મર્યાદિત સમયની જિંદગી છે જ્યારે આખેરત તો હમેશાંની જિંદગી છે તેની ફિકર તમને કેમ નથી ?!** રબ્બે કરીમ સર્વને સહીહ સમજ અતા કરે, અને ગુમરાહીમાંથી કાઢીને હિદાયતના માર્ગે અડગતાથી રાખે. રબ તઆલા કુર્આનની તિલાવત કરવાની તેના તર્જુમા તથા તફસીરને પઢવાની, સમજવાની, રસૂલે પાક ﷺના ફર્માનોને સમજવાની તથા તેના પર સાચા દિલથી અમલ કરવાની તૌફીક અતા ફર્માવે અને આપણા સૌનો ખાત્મો ઈમાન પર ફર્માવે. (આમીન) બિજાહિન્નબી કરીમ ﷺ.